# વૃક્ષારોપણ અહેવાલ

## કિસાન માધ્યમિક વિદ્યાલય,,લુણાવાડા

તારીખ :- 16/07/2026
વાર :- ગુરુવાર

- **પ્રસ્તાવના:-**

વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે. તેઓ આપણને પ્રાણવાયુ, છાંયો, ફળ, ઔષધિઓ અને સ્વચ્છ પર્યાવરણ પ્રદાન કરે છે. વધતા પ્રદૂષણ અને ઘટતા જંગલોના કારણે પર્યાવરણનું સંતુલન જાળવવા વૃક્ષારોપણ અત્યંત જરૂરી બન્યું છે. આ જાગૃતિ ફેલાવવા અને વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસે તે માટે શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

.

- **પ્રવૃતિનો હેતુ:-**
  - વિદ્યાર્થીઓમાં પર્યાવરણ સંરક્ષણ અંગે જાગૃતિ લાવવી.
  - વૃક્ષોનું મહત્વ સમજાવવું અને વૃક્ષારોપણ માટે પ્રેરણા આપવી.
  - હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરવું.
  - ગ્લોબલ વોર્મિંગ અને પ્રદૂષણ ઘટાડવામાં વૃક્ષોની ભૂમિકા સમજાવવી.
  - "એક વિદ્યાર્થી – એક વૃક્ષારોપણ" જેવી ભાવના વિકસાવી વૃક્ષોના જતન માટે પ્રોત્સાહિત કરવા.

- **પ્રવૃતિની માહિતી:-**

પર્યાવરણ સંરક્ષણના હેતુથી કિસાન માધ્યમિક વિદ્યાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી, આચાર્યશ્રી, સુપરવાઇઝરશ્રી, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મળીને શાળા પરિસરમાં વિવિધ પ્રકારના વૃક્ષોના રોપાઓનું વાવેતર કર્યું હતું. વિદ્યાર્થીઓને વૃક્ષોનું પર્યાવરણ અને માનવજીવનમાં રહેલું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. "એક વિદ્યાર્થી – એક વૃક્ષ" કાર્યક્રમ અંતર્ગત દરેક વિદ્યાર્થીને એક રોપો આપવામાં આવ્યો હતો અને તેને પોતાના ઘર અથવા આસપાસના વિસ્તારમાં વાવી તેનું જતન તથા ઉછેર કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને વધુમાં વધુ વૃક્ષો વાવી પર્યાવરણનું જતન કરવાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

પ્રવૃતિ શિક્ષકનું નામ:- **શ્રીમતી ભૂમિબહેન પી પટેલ અને શ્રીમતી પૂજાબેન એ પંડ્યા**

એક વૃક્ષ વાવવું એટલે આવનારી પેઢીને જીવનની ભેટ આપવી,

હરિયાળું ભવિષ્ય સર્જવું એ આપણી સૌની જવાબદારી.










